**મે. વલસાડ ખાતેનાં લેબર કોર્ટનાં પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી સમક્ષ, મુ.વલસાડ.**

રેફરન્સ એલ.સી.વી. નં. ૯/૨૦૨૬

આંક–૨૭

પ્રથમ પક્ષકાર – ગુજરાત થેમીસ બાયોસીન લી.,
પ્લોટ નં.૬૯, જી.આઇ.ડી.સી.,
વાપી, વલસાડ

**: વિરૂધ્ધ :**

બીજા પક્ષકાર – ટેલર બિપીનચંદ્ર એસ.,
કે/ઓ. ગુજરાત રાજય કામદાર સભા,
મુ.પો.સોલધરા, તા.ચીખલી, જી.નવસારી

રહે. મુ.ડઢોરા, પો.બીગરી,
સ્ટે.બીલીમોરા, જી.નવસારી

**: એવોર્ડ :**

આ રેફરન્સ મદદનીશ મજુર કમિશ્નરશ્રી વલસાડ તરફથી તેઓના હુકમ ક્રમાંક : કે.એચ.એસ.એચ.એમ.સી./૧૦૧/એજે/આઇ.ડી.આર./૫.૫ તા. ૧૧/૦૩/૧૯૯૯ થી ન્યાય નિર્ણય અર્થે રીફર કરવામાં આવેલ છે. કેસ કાર્યવાહી દરમ્યાન બંને પક્ષકારો વચ્ચે સમાધાન રાહે ફુલ એન્ડ ફાઇનલ સમાધાનની રકમના રૂા.૧,૨૦,૦૦૦/– પુરા ચેકથી પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ચુકવેલ હોવાની રજુઆત કરી આંક–૨૬ થી પક્ષકારો તરફે સમાધાન પુરસીશ રજુ કરેલ છે. બંને પક્ષકારોએ સમાધાન થઇ ગયેલ હોય તે મુજબનું સમાધાન એવોર્ડ પસાર કરવા જણાવેલ છે. જેથી હાલના કામે આજરોજ નેશનલ લોક અદાલતમાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

૧. સદર રેફરન્સમાં પક્ષકારો તરફે આંક–૨૬ થી રજુ સમાધાન પુરસીસ મુજબ આજરોજ નેશનલ લોક અદાલતમાં એવોર્ડ પસાર કરવામાં આવે છે.
૨. ખર્ચ અંગે હુકમ નથી.

સ્થળ:વલસાડ.
તારીખ: ૧૧/૦૭/૨૦૨૬

**(ચૈતન્ય વી.લીમ્બાચીયા)**
પ્રિસાઇડીંગ ઓફીસર
લેબર કોર્ટ, વલસાડ
**Judge Code:GJ01556**